# વૈદિક ગણિત વર્ગો

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના શિક્ષણ વિભાગ દ્વારા દિવાળી વેકેશનની તા.30-10-2017 થી તા.03-11-2017 દરમ્યાન પાંચ દિવસીય વૈદિક ગણિતનાં વર્ગોનું આયોજન કરવામાં આવેલું. જેમાં ધો.8 થી વધુ ભણેલાં પ્રત્યેક વ્યક્તિ માટે મર્યાદિત સંખ્યામાં ભાગ લેવાની જોગવાઈ કરેલી હતી. વર્ગમાં વૈદિક- ગણિતનાં નિષ્ણાત તરીકે શ્રી હેમચંદ્રાચાર્ય સંસ્કૃત પાઠશાળા – સાબરમતી- અમદાવાદનાં શિક્ષક શ્રી જય રાઠોડે યોગદાન આપ્યું હતું. વર્ગમાં વિવિધ ક્ષેત્રોમાંથી આવેલા કુલ આઠ પ્રતિભાગીઓએ નિયમિત હાજરી આપી હતી. વીસ કલાકનાં આ વર્ગોમાં વૈદિક ગણિતનાં નિખિલ, નિખિલેશ, મૂલાંક, ત્રપૂણાંક, સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, વર્ગ, વર્ગમૂળ, ઘન, ઘનમૂળ વગેરે વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તથા સમગ્ર શિક્ષણ કાર્યનું ચૈતન્ય સ્ટુડિયોમાં 20 કલાકનું વિડિયો રેકોર્ડિંગ કરવામાં આવ્યું. ગણિતનાં જટિલ દાખલાઓને વૈદિક ગણિતની ભારતીય પદ્ધતિથી સરળ રીતે ઉકેલવાના આ શિક્ષણનો ભવિષ્યમાં પણ ઉપયોગ થઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી.





વર્ગનાં ઉદઘાટનમાં યુનિવર્સિટીનાં કુલપતિશ્રીએ પ્રતિભાગીઓને માનનીય આવકાર્યા હતા તથા વર્ગનાં સમાપનમાં પ્રત્યેક પ્રતિભાગીને માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ.જાની સાહેબ દ્વારા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા અને મેળવેલ જ્ઞાનનો ઉપયોગ કરવા અને ભારતીય જ્ઞાનનો પ્રસાર કરવાની શુભકામનાઓ આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન શિક્ષણશાસ્ત્ર વિભાગનાં નિયામકશ્રી ડૉ. અજીતસિંહ રાણાના નેતૃત્વમાં શિક્ષણશાસ્ત્ર વિભાગ અને એક્ષટેન્શન એક્ટીવીટી દ્વારા કરવામાં આવ્યું હતું.